# ચોમાસાના કારણે આગામી 15 જૂનથી ટ્રેનોના સમય બદલાશે

**સાપ્તાહિક** એક્સપ્રેસ ટ્રેનોના સમયમાં પણ ચોમાસાને અનુકૂળ ફેરફારો કરવામાં આવ્યા

સૂરતઃ પશ્ચિમ રેલવે દ્વારા આગામી ચોમાસાની સિઝનને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુરક્ષા અને ટ્રેન વ્યવહારની સુગમતા માટે ચોમાસુ સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. રેલવે બોર્ડના તાજેતરના નિર્દેશો, કોંકણ રેલવે, મધ્ય રેલવે તથા દક્ષિણ રેલવે પાસેથી મળેલા સંયુક્ત સંદેશાઓના આધારે આ ફેરફારો અમલમાં મૂકવામાં આવ્યા છે.

આ નવું ચોમાસુ સમયપત્રક આગામી 15 જૂનથી લઈને 20 ઓક્ટોબર, 2026 સુધીના સમયગાળા માટે સંપૂર્ણપણે લાગુ રહેશે. મુખ્યત્વે કોંકણ રેલવેના માર્ગ પર ચોમાસા દરમિયાન અતિવૃષ્ટિ અને સુરક્ષાના કારણોસર ટ્રેનોની ગતિ મર્યાદા નક્કી કરવામાં આવી છે, જેથી મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

આ ગતિ મર્યાદાના કારણે દક્ષિણ અને કોંકણ તરફ જતી ટ્રેનોના નિર્ધારિત સમયમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઊભી થઈ હતી.ચોમાસુ સમયપત્રક અંતર્ગત પશ્ચિમ રેલવેની ઘણી મહત્વપૂર્ણ લાંબા અંતરની ટ્રેનોના સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે નિઝામુદ્દીન-તિરુવનંતપુરમ રાજધાની એક્સપ્રેસ સહિત અન્ય મહત્વની ટ્રેનોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ગાંધીધામ-નાગરકોઈલ, ઓખા-એર્નાકુલમ અને ભાવનગર-તિરુવનંતપુરમ જેવી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનોના સમયમાં પણ ચોમાસાને અનુકૂળ ફેરફારો કરવામાં આવ્યા છે. 15 જૂનથી જે ટ્રેનો પોતપોતાના મૂળ સ્ટેશનથી રવાના થશે, તે તમામ માટે આ નવું સમયપત્રક લાગુ પડશે.

રેલવે વહીવટીતંત્ર દ્વારા તમામ મુસાફરોને જાણવામાં આવ્યું છે કે ચોમાસા દરમિયાન કુદરતી પરિબળો અને વરસાદની તીવ્રતાને ધ્યાનમાં લેતા ટ્રેનોના સમયમાં અચાનક ફેરફાર થઈ શકે છે. આથી, મુસાફરોને સૂચના આપવામાં આવે છે કે તેઓ પ્રવાસ શરૂ કરતા પહેલા રેલવેની અધિકૃત વેબસાઇટ, એપ અથવા 139 હેલ્પલાઈન નંબર પરથી ટ્રેનનું સચોટ સ્ટેટસ તપાસી લેવું જોઈએ. વધુ વિગતવાર સમયપત્રક કે ટ્રેન અંગેની ચોક્કસ માહિતી માટે નજીકના રેલવે સ્ટેશનના પૂછપરછ અથવા કાઉન્ટરનો સંપર્ક કરવો હિતાવહ છે.

# કપાસની આયાત પર 11% કસ્ટમ્સ ડ્યુટી માફ

**ટેક્સટાઇલ** ઉદ્યોગને મોટી રાહત

સુરતઃ કેન્દ્ર સરકારે દેશના ટેક્સટાઈલ ઉદ્યોગને રાહત આપતા મહત્ત્વપૂર્ણ નિર્ણય હેઠળ 1 જૂન, 2026થી 31 ઓક્ટોબર, 2026 સુધી કપાસની આયાત પર લાગતી તમામ કસ્ટમ્સ ડ્યુટીમાંથી કામચલાઉ મુક્તિ જાહેર કરી છે. કેન્દ્રના આ નિર્ણયથી ટેક્સટાઈલ ઉદ્યોગ માટે કાચા માલની ઉપલબ્ધતા વધશે તેમજ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી જાહેરાત મુજબ કપાસ (HSN 5201)ની આયાત પર લાગતી બેઝિક કસ્ટમ્સ ડ્યુટી, એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ (AIDC) અને સંબંધિત સરચાર્જ સહિત કુલ આશરે 11 ટકા જેટલો આયાત શુલ્ક પાંચ મહિનાના સમયગાળા માટે દૂર કરવામાં આવ્યો છે. આ પગલાથી સ્થાનિક ટેક્સટાઈલ મિલો, યાર્ન ઉત્પાદકો, પ્રોસેસિંગ એકમો અને ગારમેન્ટ ઉત્પાદકોને સીધો લાભ મળશે.કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે આ નિર્ણય ખેડૂતો અને ટેક્સટાઈલ ઉદ્યોગ બંનેના હિતો વચ્ચે સંતુલન જાળવીને લેવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક બજારમાં કપાસની ઉપલબ્ધતા અને ભાવોને લઈને ઉદ્યોગ સંગઠનો દ્વારા આયાત શુલ્ક દૂર કરવાની માંગ ઉઠાવવામાં આવી રહી હતી. વિવિધ ટેક્સટાઈલ એસોસિએશનોએ પણ કપાસ પરની 11 ટકા ડ્યુટી દૂર કરવાની ભલામણ કરી હતી. સુરત સહિત ગુજરાતના ટેક્સટાઈલ હબ માટે આ નિર્ણય ખાસ મહત્ત્વનો માનવામાં આવે છે. કપાસના ઊંચા ભાવ અને કાચા માલના વધતા ખર્ચને કારણે યાર્ન અને કાપડ ઉત્પાદકો પર વધારાનો બોજ પડતો હતો. હવે આંતરરાષ્ટ્રીય બજારમાંથી સસ્તો કપાસ આયાત કરી શકાશે, જેના કારણે યાર્નના ભાવમાં સ્થિરતા આવવાની અને તૈયાર કાપડના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થવાની શક્યતા છે. ઉદ્યોગ નિષ્ણાતોના મતે ડ્યુટી મુક્ત આયાતથી ભારતીય ટેક્સટાઈલ ઉત્પાદનોની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધશે, નિકાસને પ્રોત્સાહન મળશે અને ખાસ કરીને MSME ટેક્સટાઈલ એકમોને રાહત મળશે.

## ડીઝલના ભાવ વધતાં સુરત હાઈવે પર બાયોડીઝલનું સામ્રાજ્ય

# સુરત જિલ્લામાં હાઈવે પર ખાનગીમાં બાયોડીઝલના પંપ સક્રિય થઈ ગયા

**કામરેજ,** પલસાણા, કીમ, કોસંબા સુધી બાયોડીઝલ પંપોનું નેટવર્ક વધારવા તંત્રની ખુલ્લી છૂટ!

**બસ-ટ્રક** ઓપરેટરો સસ્તા ઈંધણના લોભમાં, તંત્રની કામગીરી સામે ગંભીર સવાલ

### ટ્રાવેલ્સ બસો માટે બની રહ્યા છે 'ફેવરિટ સ્ટોપ'

સુરતથી સૌરાષ્ટ્ર અને કચ્છ તરફ દોડતી અનેક ખાનગી લક્ઝરી બસો રસ્તામાં બાયોડીઝલ પંપો પર ટાંકી ભરાવતી હોવાનું કહેવાય છે. પરિવહન ક્ષેત્રના જાણકારોના મતે, વધતા ઓપરેશનલ ખર્ચ સામે ટકી રહેવા માટે ઘણા સંચાલકો બાયોડીઝલને આર્થિક વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. જોકે તેની ગુણવત્તા અને કાયદેસરતા અંગે હજુ પણ અનેક પ્રશ્નો ઊભા છે.

### તંત્રની કામગીરી પર ઊભા થયા સવાલ

અગાઉ હોટલો અને ખુલ્લા સ્થળો પરથી થતો બાયોડીઝલનો વેપાર હવે વધુ ગોપનીય બની ગયો છે. હાઈવે નજીકના ખેતરો, પ્લોટો અને એકાંત વિસ્તારોમાં ટેન્કરો મારફતે બાયોડીઝલનો જથ્થો પહોંચાડીને વેચાણ કરવામાં આવતું હોવાનું સૂત્રો જણાવે છે. સ્થાનિક સ્તરે પોલીસ, પુરવઠા વિભાગ અને અન્ય સંબંધિત એજન્સીઓની કામગીરી સામે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. હાઈવે પર અનેક સ્થળોએ બાયોડીઝલનું વેચાણ ખુલ્લેઆમ થતું હોવા છતાં અસરકારક કાર્યવાહી જોવા મળતી નથી. જેના કારણે ગેરકાયદે વેપારીઓ વધુ નિર્ભય બન્યા હોવાનું માનવામાં આવે છે.

સુરતઃ ડીઝલના સતત વધી રહેલા ભાવ અને પુરવઠાની અનિશ્ચિતતાએ સુરત જિલ્લાના હાઈવે વિસ્તારોમાં બાયોડીઝલના ગેરકાયદે વેપારને નવી ગતિ આપી છે. ખાસ કરીને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ અને ખાનગી લક્ઝરી બસ સંચાલકો હવે ખર્ચ ઘટાડવા માટે મોટા પ્રમાણમાં બાયોડીઝલ તરફ વળી રહ્યા હોવાનું સામે આવ્યું છે. પરિણામે કામરેજ, પલસાણા, કીમ અને કોસંબા સહિતના હાઈવે પટ્ટામાં બાયોડીઝલ વેચાણનું સમાંતર નેટવર્ક ઊભું થઈ ગયું છે.

માહિતી મુજબ, સામાન્ય ડીઝલની સરખામણીએ બાયોડીઝલ પ્રતિ લિટર 20થી 25 રૂપિયા સસ્તુ મળતું હોવાથી ટ્રાન્સપોર્ટરો માટે તે આકર્ષક વિકલ્પ બની રહ્યું છે.

ઘણાં વાહનચાલકો 80 ટકા બાયોડીઝલ અને 20 ટકા સામાન્ય ડીઝલનું મિશ્રણ વાપરી રહ્યા હોવાનું પણ જાણવા મળે છે.ખાસ કરીને જૂના મોડલના વાહનોમાં બાયોડીઝલના ઉપયોગથી તાત્કાલિક કોઈ મોટી તકનીકી સમસ્યા ન સર્જાતી હોવાથી તેનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. જો સમયસર કડક દેખરેખ અને નિયમન નહીં થાય તો રાજ્યના પરિવહન ક્ષેત્રમાં સમાંતર ઈંધણ બજાર વધુ મજબૂત બનવાની શક્યતા છે. હાલ સુરત જિલ્લાના હાઈવે પટ્ટામાં સર્જાયેલી આ સ્થિતિ તંત્ર માટે મોટી પડકારરૂપ બની છે.

## કીડનીની બીમારીથી કંટાળી યુવકે જીવન ટુંકાવ્યું

સુરતઃ અલથાણ વિસ્તારમાં આવેલા સુધર્મ એસએમસી આવાસમાં રહેતા એક યુવકે લાંબા સમયથી ચાલતી કીડનીની બીમારીથી કંટાળી ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના બુઢાણા ગામના વતની અને હાલ અલથાણ ખાતે પરિવાર સાથે રહેતા ૩૪ વર્ષીય શેષરાવ શ્રાવણ ધુરંદર ડ્રાઈવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં એક પુત્રી છે. છેલ્લા એક વર્ષથી તેઓ કીડનીની ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા હતા અને સારવાર લઈ રહ્યા હતા. બીમારીથી માનસિક રીતે પરેશાન રહેતા શેષરાવે ગત ૨૫મીની સાંજે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. પરિવારજનોને જાણ થતાં તેમને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ગઈકાલે બપોરે તેમનું મોત થયું હતું. આ બનાવ અંગે અલથાણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# લાંચમાં પકડાયેલી જિલ્લા પં.ની ક્લાર્કના ઘરે અને ઓફિસે સર્ચ

**30 હજાર** સ્વીકારનાર પુત્રને જેલમાં મોકલાયો, રૂપલ ટેલર 2 દિવસનાં રિમાન્ડ પર

સુરતઃ સુરત જિલ્લા પંચાયતના ૪૬ ગ્રામ સેવક પાસે ટી.એ. અને એલ.ટી.સી. બિલ પાસ કરવા માટે ૩૦ હજારની લાંચ લેવા પ્રકરણમાં સિનિયર ક્લાર્કના કોર્ટે સોમવાર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. જ્યારે તેના કોલેજીયન પુત્રને જેલમાં મોકલવાનો આદેશ કર્યો છે. રિમાન્ડ દરમિયાન એસીબીની ટીમે આજે ક્લાર્કના ઓફિસે અને ઘરમાં સર્ચ હાથધર્યું છે.

જિલ્લા પંચાયતમાં ગ્રામ સેવક તરીકે સરકારી કર્મચારી તરીકે નોકરી કરતાં ૪૬ કર્મચારીઓ વતી એક ફરિયાદ કરવામાં આવી હતી. આ કર્મચારીઓનું એલ.ટી.સી. અને ટી.એ. બિલ પાસ કરવા માટે જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખાની સીનીયર એકાઉન્ટન્ટ ક્લાર્ક રૂપલ પરેશકુમાર ટેલર (ઉ.વ. ૪૫) લાંચ માંગી રહી હોવાની ફરિયાદ કરી હતી.

ટી.એ. બિલ પાસ કરવા વ્યક્તિદીઠ ૧૫૦૦ રૂપિયા અને એલ.ટી.સી. પાસ કરવા વ્યક્તિદીઠ ૧૦૦૦ રૂપિયાની માંગણી પર કરી રહી હતી. લાંચ વિના કામ કરવા નહિ માંગતી આ મહિલા ક્લાર્કના લોભથી કંટાળી આ કર્મચારીઓએ એન્ટી કરપ્શન બ્યુરોમાં પહોંચ્યા હતા અને પોતાની ફરિયાદ નોંધાવી હતી. લાંચનો પ્રથમ ૩૦ હજારનો હપ્તો લઈ કોઈ પણ ભય રાખ્યા વિના આ મહિલા અધિકારીએ સીધા પોતાના ઘરે જ બોલાવી લીધા હતા. ઘરનો દરવાજો ખોલતાં જ મહિલાને બદલે તેમનો પુત્ર ઝીલ લાંચની રકમ લેવા માટે આવતાં તેને ઝડપી લીધો હતો. રૂમમાંથી જ તેમની માતા રૂપલબેન પણ મળી આવતાં પોલીસે બંનેની ધરપકડ કરી હતી. લાંચ તરીકે સ્વીકારેલી કેમિકલવાળી નોટ પણ કબજે કરી હતી. આ પ્રકરણમાં પકડાયેલી સિનિયર ક્લાર્ક અને તેના પુત્રને આજે શનિવારે કોર્ટેમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે એસીબીના મુદ્દા ધ્યાને રાખી સિનિયર ક્લાર્કને સોમવાર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. જ્યારે તેના કોલેજીયન પુત્રને જેલમાં મોકલવાનો આદેશ કર્યો છે.રિમાન્ડ દરમિયાન એસીબીની ટીમે આજે ક્લાર્કના ઓફિસે અને ઘરમાં પણ સર્ચ હાથ ધર્યું.

## શિવશક્તિ ડેવલપર્સમાં બોગસ સહી પ્રકરણમાં

# રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સમાં RTIના આધારે રમેશ જુનેજા પર આક્ષેપો

**૨૦૦૮થી** નિષ્ક્રિય પેઢી ૨૦૨૩માં ફરી સક્રિય બતાવવામાં આવી, ફરિયાદી અને પત્નીની બનાવટી સહીઓથી કાગળો તૈયાર કર્યાનો આક્ષેપ

### જુનેજા પિતા-પુત્રએ સરકારી કચેરીમાં બોગસ પુરાવા રજૂ કર્યાનો દાવો

દસ્તાવેજોની વધુ તપાસમાં જાણવા મળ્યું હતું કે રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સમાં અરજી કરનાર તરીકે રમેશકુમાર મુકુંદલાલ જુનેજાએ પોતાનો ફોટો લગાવી અંગૂઠાનો નિશાન અને સહી કરી હતી. સાક્ષી તરીકે તેમના પુત્ર નમન જુનેજા અને કર્મચારી નરેન્દ્રસિંહ શ્રવણસિંહની સહીઓ પણ દસ્તાવેજોમાં હતી. ફરિયાદીનો આક્ષેપ છે કે જુનેજા પિતા-પુત્ર અને કર્મચારીની મળતાવળથી બોગસ સહીઓ કરી સરકારી કચેરીમાં દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા. ફરિયાદી મુજબ, વર્ષ ૨૦૨૧-૨૨થી બંને પક્ષો વચ્ચે કોઈ સંબંધ નહોતો, જેથી વર્ષ ૨૦૨૩માં તેઓએ શિવશક્તિ ડેવલપર્સના રજીસ્ટ્રેશન માટે કોઈ સહી કે સંમતિ આપી હોય તે શક્ય જ નથી.

### પિતાના પાનકાર્ડની ભુલોથી ફરિયાદીએ પકડ્યો બોગસ સહીનો ખેલ

આ સમગ્ર મામલે એક વધુ ચોંકાવનારી વિગતો સામે આવી છે. લોકનાથ ગંભીરે જણાવ્યું હતું કે રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સમાં રજૂ કરાયેલા દસ્તાવેજોમાં તેમના પાનકાર્ડની ઝેરોક્ષ નકલ જોડવામાં આવી હતી. અગાઉ સંબંધો સારા હોવાથી તેમની પાસે જૂની ઝેરોક્ષ હોવાની શક્યતા છે અને તેનો દુરુપયોગ કરાયો હોવાનું તેઓ માને છે. લોકનાથ ગંભીરે તેમના પાનકાર્ડમાં પિતાના નામમાં ભૂલ હોવાથી તેમણે તા. ૧૭ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ સુધારા માટે રમેશ જુનેજા દ્વારા અરજી કરી હતી અને તા. ૨૭ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ નવું પાનકાર્ડ મળ્યું હતું. આથી અરજી સાથે જોડાયેલ ઝેરોક્ષ જૂના પાનકાર્ડની હોવાનું સ્પષ્ટ થાય છે.

### પિતાનો ફોન બંધ, પુત્રએ કોલનો જવાબ ન આપ્યો

પોલીસ કમિશનરને કરવામાં આવેલી ફરિયાદમાં ઉલ્લેખિત નંબર પર રમેશ જુનેજાનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમનો મોબાઇલ ફોન સ્વીચ ઓફ આવ્યો હતો. ફરિયાદમાં તેમના પુત્ર નમન જુનેજા સામે પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. નમન જુનેજાના મોબાઇલ નંબર પર અનેક વખત સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવા છતાં તેમણે ફોન રિસિવ કર્યો નહોતો. ફરિયાદમાં નામ દર્શાવવામાં આવેલા તેમના કર્મચારી નરેન્દ્રસિંહનો પણ સંપર્ક સાધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે પણ ફોન ઉપાડ્યો નહોતો.

સુરતઃ સુરત શહેરમાં શિવશક્તિ ડેવલપર્સ ભાગીદારી પેઢીને લઈને મોટો વિવાદ સામે આવ્યો છે. વર્ષ ૨૦૦૮થી નિષ્ક્રિય રહેલી આ પેઢીને ફરી કાગળ પર સક્રિય બતાવવા માટે બોગસ દસ્તાવેજો અને બનાવટી સહીઓનો ઉપયોગ કરાયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ આક્ષેપો, લોકનાથ ગંભીરે રજિસ્ટ્રાર ઓફ ફર્મ્સમાંથી આર.ટી.આઈ. હેઠળ મેળવેલા દસ્તાવેજોને ટ્રુથ લેબ્સ ફોરેન્સિક સર્વિસીસમાં કરાવેલી ચકાસણીના રિપોર્ટના આધારે કર્યા છે.

લોકનાથ ગંભીરે જણાવ્યું હતું કે, તેઓ અને તેમની પત્ની મનોરમા ગંભીર વર્ષ ૨૦૨૧-૨૨થી રમેશ જુનેજા અને ગૌરવ જુનેજા સાથે કોઈ પ્રકારના બોલાચાલીના સંબંધમાં નહોતા. તેમ છતાં વર્ષ ૨૦૨૩ દરમિયાન શિવશક્તિ ડેવલપર્સ ભાગીદારી પેઢીના રજીસ્ટ્રેશન માટે તેમની અને પત્નીની સહીઓ દર્શાવી દસ્તાવેજો રજૂ કરાયા હોવાનું સામે આવ્યું છે. આ મામલે લોકનાથ ગંભીરે રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સમાંથી શિવશક્તિ ડેવલપર્સના દસ્તાવેજોની નકલો માંગતા તા. ૬ માર્ચ ૨૦૨૬ના રોજ કુલ ૧૪ પાનાની નકલો આપવામાં આવી હતી. દસ્તાવેજોની તપાસ દરમિયાન "લેટર ઓફ ઓથોરિટી" નામનો મહત્વપૂર્ણ પુરાવો મળ્યો હતો. જેમાં એક વ્યક્તિને ઈન્કમટેક્સ, સેલ્સટેક્સ, સર્વિસટેક્સ અને પ્રોફેશનલ ટેક્સ વિભાગ સમક્ષ રજૂઆત કરવાની સત્તા આપવામાં આવી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ લેટર ઓફ ઓથોરિટીમાં કુલ ચાર વ્યક્તિઓની સહીઓ દર્શાવવામાં આવી હતી. જેમાં ત્રીજા અને ચોથા ક્રમે લોકનાથ ગંભીર અને તેમની પત્ની મનોરમા ગંભીરની સહીઓ દર્શાવવામાં આવી હતી. ફરિયાદી મુજબ આ બંને સહીઓ સંપૂર્ણપણે બોગસ અને બનાવટી છે. ઉપરાંત, જેને અધિકાર અપાયો હતો તે વ્યક્તિને તેઓ ઓળખતા પણ નથી.

## કલેક્ટરના અધ્યક્ષ સ્થાને રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક મળી

# આરોગ્ય વિભાગ અકસ્માતનો માસિક રિપોર્ટ તૈયાર કરશે

**અકસ્માતનો** સમય, સ્થળ અને 108 ઈમરજન્સી સેવાના પહોંચવાના સમયનો સમાવેશ

**રોડ** સેફ્ટીમાં હવે માત્ર કાગળ પરની કામગીરી નહીં, પરિણામ આધારિત જવાબદારી નક્કી કરાશે



### એન્થમ સર્કલની ટ્રાફિક સમસ્યા પણ ચર્ચાના કેન્દ્રમાં

શહેર અને જિલ્લાને જોડતા વરાછા વિસ્તારના એન્થમ સર્કલ પર સર્જાતી ભારે ટ્રાફિક સમસ્યાનો મુદ્દો પણ બેઠકમાં ચર્ચાનો વિષય બન્યો હતો. કલેક્ટરે સંબંધિત વિભાગો પાસેથી માહિતી મેળવી ટેકનિકલ કમિટીના અભિપ્રાયના આધારે લાંબા ગાળાના ઉકેલ માટે માર્ગદર્શન આપ્યું હતું. આ સર્કલ પર દરરોજ મોટી સંખ્યામાં વાહનોની અવરજવર રહેતી હોવાથી ટ્રાફિક દબાણ સતત વધી રહ્યું છે. જેના કારણે માર્ગ સુરક્ષા અને ટ્રાફિક મેનેજમેન્ટ બંને માટે ખાસ આયોજનની જરૂરિયાત અનુભવાઈ રહી છે.

### ઓવરસ્પીડિંગ અને રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સમીક્ષા

બેઠક દરમિયાન પોલીસ અને આરટીઓ તંત્ર દ્વારા હાથ ધરાતી ઓવરસ્પીડિંગ વિરુદ્ધની કાર્યવાહી, રોંગ સાઈડ ડ્રાઈવિંગ પર નિયંત્રણ તેમજ માર્ગ સલામતી અભિયાનની સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ જિલ્લાના વિવિધ માર્ગો પર રોડ સમારકામ, ચેતવણી સૂચક બોર્ડ, ઝીબ્રા ક્રોસિંગ અને સ્પીડ બ્રેકર જેવી સુવિધાઓની સ્થિતિ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. અકસ્માતો ઘટાડવામાં રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાથી આ કામગીરીને વધુ અસરકારક બનાવવાના સૂચનો આપવામાં આવ્યા હતા.

સુરતઃ સુરત જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે હવે માત્ર કાગળ પરની કામગીરી નહીં પરંતુ પરિણામ આધારિત જવાબદારી નક્કી કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર તેજસ પરમારે રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં વિવિધ વિભાગોને માસિક કામગીરીનો વિગતવાર અહેવાલ તૈયાર કરી કામ પહેલાં અને પછીની સ્થિતિના ફોટા સાથે દસ્તાવેજીકરણ કરવાની સ્પષ્ટ સૂચના આપી હતી.

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં માર્ગ સલામતી સંબંધિત કામગીરીની સમીક્ષા કરતાં કલેક્ટરે જણાવ્યું હતું કે અકસ્માતો અટકાવવા માટે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરીના વાસ્તવિક પરિણામોનું મૂલ્યાંકન થવું જરૂરી છે. જેના કારણે હવે દરેક વિભાગે પોતાના ક્ષેત્રમાં કરાયેલા સુધારાકામોની પુરાવા આધારિત વિગતો રજૂ કરવી પડશે. બેઠકમાં સૌથી વધુ ભાર માર્ગ અકસ્માતોના વૈજ્ઞાનિક વિશ્લેષણ પર મૂકવામાં આવ્યો હતો. કલેક્ટરે આરોગ્ય વિભાગને અકસ્માતોના માસિક રિપોર્ટ તૈયાર કરવા સૂચના આપી હતી, જેમાં અકસ્માતનો સમય, સ્થળ અને 108 ઈમરજન્સી સેવાના પહોંચવાના સમયનો સમાવેશ કરાશે. આ માહિતીના આધારે જિલ્લામાં અકસ્માતોના હોટસ્પોટ વિસ્તારો ઓળખી શકાશે અને જ્યાં વધુ અકસ્માતો થાય છે તેવા વિસ્તારોમાં વધારાની 108 સેવાઓ અથવા અન્ય સુરક્ષા વ્યવસ્થાઓ ગોઠવવાનું આયોજન થઈ શકશે. અધિકારીઓના મતે ડેટા આધારિત આ અભિગમ અકસ્માત નિયંત્રણમાં વધુ અસરકારક સાબિત થઈ શકે છે.

રોડ સેફ્ટી કાઉન્સિલની આ બેઠકમાં કલેક્ટર દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ પરથી સ્પષ્ટ થાય છે કે હવે માર્ગ સલામતીને માત્ર નિયમિત સમીક્ષા બેઠક સુધી મર્યાદિત રાખવાને બદલે દરેક વિભાગની કામગીરીનું પરિણામ અને અસરકારકતા પણ માપવામાં આવશે. ફોટા આધારિત દસ્તાવેજીકરણ અને ડેટા એનાલિસિસની વ્યવસ્થા ભવિષ્યમાં વિભાગીય જવાબદારી નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

## ગોડાદરામાં કોર્ટ મેરેજના બે મહિનામાં જ પરિણીતાનું મોત

સુરતઃ ગોડાદરા વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષીય પરિણીતાનું અચાનક તબિયત બગડતા મોત નિપજ્યું હતું. યુવતીએ બે મહિના પહેલાં જ કોર્ટ મેરેજ કર્યા હતા. પરિવારમાં ગમગીની ફેલાઈ ગઈ હતી. મૂળ અમરેલી જિલ્લાના વતની અને હાલ કતારગામમાં હાથી મંદિર રોડ પર આવેલી વૈકુંઠધામ સોસાયટીની વાડીમાં ૪૭ વર્ષીય રાજેશકુમાર મગનભાઈ નાગરાણી રહેતા હતા અને ત્યાં જ વાડીની દેખરેખ રાખતા હતા. તેમને સંતાનમાં એક પુત્ર છે. ગઈકાલે તેમને એકાએક ઉલટી થતી હતી. આજે સવારે તેમને ઝાડા-ઊલટી થયા હતા. ત્યારબાદ એકાએક ચક્કર આવ્યા બાદ તેઓ બેભાન થઈ જતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા.



# સુડાની ખોલવડ-ભાડા ટીપી સ્કીમમાં રાજ્ય સરકારનો સુધારો જાહેર કરાયો

**ફાઇનલ** પ્લોટના ક્ષેત્રફળ અને ઉપયોગમાં ફેરફાર

**દસ્તાવેજો** અને નકશાઓ પણ અપડેટ થશે

સુરત : સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (Surat Urban Development Authority)ની પ્રાથમિક ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. 47 (ખોલવડ-ભાડા) સંદર્ભે રાજ્ય સરકારે શુદ્ધિપત્ર જાહેર કરીને અગાઉ બહાર પાડવામાં આવેલી નોટિફિકેશનમાં મહત્વપૂર્ણ સુધારા કર્યા છે. આ સુધારાઓ હેઠળ કેટલાક ફાઈનલ પ્લોટના ક્ષેત્રફળ, ઉપયોગ અને સંબંધિત વિગતોમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જ્યારે કેટલાક પ્લોટ ક્રમાંકો રદ પણ કરવામાં આવ્યા છે. સરકારી સુધારા મુજબ હવે ટીપી સ્કીમના નકશા, રીડિસ્ટ્રિબ્યુશન સ્ટેટમેન્ટ તેમજ અન્ય સત્તાવાર દસ્તાવેજોમાં પણ જરૂરી સુધારા કરવામાં આવશે. આ પ્રક્રિયાથી જમીન માલિકો, વિકાસકારો અને સંબંધિત હિતધારકોને નવી સુધારેલી વિગતો મુજબ આયોજન અને વિકાસ કામગીરીમાં સ્પષ્ટતા મળશે. સૂડા દ્વારા તૈયાર કરવામાં આવેલી આ ટાઉન પ્લાનિંગ સ્કીમ વિસ્તારના સુવ્યવસ્થિત શહેરી વિકાસ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. રાજ્ય સરકારના સુધારા બાદ હવે સ્કીમના અમલીકરણ માટે જરૂરી વહીવટી અને ટેકનિકલ પ્રક્રિયાઓ આગળ ધપાવવામાં આવશે. નવી જોગવાઈઓ અનુસાર સુધારેલા દસ્તાવેજો જાહેર થતાં અસરગ્રસ્ત મિલકતધારકોને પણ ચોક્કસ વિગતો ઉપલબ્ધ થશે.

# વાપીના રાહુલ જાખરેને એશિયન યુ-20 ડેકાથલોનમાં ગોલ્ડમેડલ

**વલસાડનાં** 18 વર્ષીય ખેલાડીએ હોંગકોંગમાં સ્થાપ્યો નવો રાષ્ટ્રીય રેકોર્ડ

વાપીઃ વાપીના એક સ્થાનિક મેદાનમાં ખેલાડીઓને તાલીમ લેતા જોઈ ઉત્સુકતાથી શરૂ થયેલી સફર આજે ભારતીય એથ્લેટિક્સના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ છે. ગુજરાતના વલસાડ જિલ્લાના ચરવાડા ગામના 18 વર્ષીય રાહુલ જાખરે હોંગકોંગ (ચીન) ખાતે યોજાયેલી 22મી એશિયન યુ-20 (અન્ડર 20) એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ડેકાથલોન સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતી ઈતિહાસ રચ્યો છે. રાહુલે દસ ઈવેન્ટની આ કઠિન સ્પર્ધામાં કુલ 7,185 પોઈન્ટ મેળવી ખિતાબ પોતાના નામે કર્યો અને સાથે જ અંડર-20 વર્ગમાં ભારતનો નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ સ્થાપ્યો.

આ સિદ્ધિ માત્ર રાહુલ માટે જ નહીં પરંતુ ભારતીય એથ્લેટિક્સ માટે પણ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ પ્રદર્શન સાથે રાહુલ એશિયાનાં શ્રેષ્ઠ યુ-20 ડેકાથલિટ બન્યા છે અને વૈશ્વિક ક્રમમાં પણ ટોચના આઠ



ખેલાડીઓમાં સ્થાન મેળવ્યું છે. મૂળ રાજસ્થાનના સિકર જિલ્લાના રહેવાસી અને 30 વર્ષ પહેલા વલસાડ જિલ્લાનાં વાપીમાં આવી સ્થાયી થઈ બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલા પરિવારના પુત્ર રાહુલની આ સફળતા પ્રતિભા, સંકલ્પ અને અથાક પરિશ્રમની પ્રેરણાદાયક ગાથા છે.

હોંગકોંગથી ફોન પર વાત કરતાં રાહુલે જણાવ્યું, "મારી સમગ્ર સફરમાં મને માર્ગદર્શન અને સહયોગ આપનારા મારા તમામ કોચનો હું આભારી છું. ગુજરાત સરકારે ખેલાડીઓને ઉત્તમ સુવિધાઓ અને તકો પૂરી પાડી છે. હવે મારું સ્વપ્ન કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું છે અને તે માટે હું સતત મહેનત કરતો રહીશ." રાહુલની સિદ્ધિનું મહત્વ સમજાવતા તેમના એક્સપર્ટ એથ્લેટિક કોચ શિવમ ઉપાધ્યાયે જણાવ્યું કે, ડેકાથલોન એ એથ્લેટિક્સની સૌથી કઠિન સ્પર્ધાઓમાંની એક માનવામાં આવે છે, જેમાં ખેલાડીએ 100 મીટર દોડ, લાંબી કૂદ, શોટપુટ, ઊંચી કૂદ, 400 મીટર દોડ, 110 મીટર હર્ડલ્સ, ડિસ્કસ થ્રો, પોલ વોલ્ટ, જેવલિન થ્રો અને 1,500 મીટર દોડ સહિત કુલ દસ ઈવેન્ટમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડે છે. તાજેતરમાં ધોરણ 11ની પરીક્ષા પાસ કરનાર રાહુલ હાલમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાતના નડિયાદ સ્થિત હાઈ-પરફોર્મન્સ સેન્ટર (HPC) ખાતે તાલીમ લઈ રહ્યો છે, જ્યાં તેમને અદ્યતન કોચિંગનો સહયોગ મળે છે.

નાયબ મુખ્યમંત્રી અને રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ રાહુલને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે રાહુલની મહેનત અને રાજ્ય સરકાર દ્વારા રમતગમત ક્ષેત્રે કરાયેલા રોકાણના પરિણામે આવી પ્રતિભાઓ વિકસી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે મજબૂત રમતગમત માળખું અને વિશ્વસ્તરીય સુવિધાઓ ઊભી કરી છે.

# વડોદરાના એમડીનો આરોપી પીપલોદથી ઝડપાયો

સુરતઃ ક્રાઈમ બ્રાંચની અલગ-અલગ ટીમો જ્યારે નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે વર્કઆઉટમાં હતી, તે દરમ્યાન એન્ટી ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સ્ક્વોડના માણસોને ટેકનિકલ સોર્સ અને અંગત બાતમીદારો પાસેથી ચોક્કસ માહિતી મળી હતી કે વડોદરાના એનડીપીએસ એક્ટના ગુનામાં વોન્ટેડ આરોપી શુભમ ઉર્ફે સંદીપ ઉર્ફે આદિત્ય ઉર્ફે લક્કી સંજય ચૌબે (ઉ.વ.૩૨, હાલ રહે. બ્લોક નં. ૨૦, સાંઈ હોમ્સ, કરાડવા ગામ, ડિંડોલી, મૂળ રહે. ઉત્તરપ્રદેશ) પીપલોદ પ્રગતિ એપાર્ટમેન્ટ પાસેથી પસાર થવાનો છે. જેથી પોલીસે તુરંત જ વોચ ગોઠવી આરોપીને ઝડપી લીધો હતો.

આરોપી શુભમની વધુ પૂછપરછ કરતા જાણવા મળ્યું હતુંકે, તે પોતાના અંગત આર્થિક ફાયદા માટે ચીખલી (નવસારી)ના સલીમ નામના ડ્રગ્સ માફિયા પાસેથી એમ.ડી. ડ્રગ્સની ખરીદી કરતો હતો. ડ્રગ્સના વેચાણમાંથી જે કમાણી થતી હતી તે પેમેન્ટ પોતાની ગર્લફ્રેન્ડ મમતા ગુપ્તાના અલગ-અલગ બેંક ખાતાઓમાં જમા કરાવતો હતો. હાલમાં તેની ગર્લફ્રેન્ડ મમતા પોલીસ પકડથી દૂર છે.